# શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે પ્રેરણાત્મક વ્યાખ્યાન યોજવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૨૭

આજના યુગમાં વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે તથા પોતાના ધ્યેય અંગે મૂંઝવણ હોય છે. જેને લીધે વિદ્યાર્થી પોતાના ધ્યેય સુધી પહોંચી શકતા નથી અને આ જ મૂંઝવણ ઊભી ન થાય તે માટે ગુરુવારે શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, ગાંધીનગર ખાતે ડૉ. અપૂર્વ રાવલ શાહ દ્વારા મોટીવેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના એકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ અને સ્ટાફ મિત્રો સહિત પ્રથમ વર્ષના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સેમિનારનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. ડૉ. અપૂર્વ દ્વારા આજની પેઢીને સ્વનિર્ભર કેવી રીતે બનવું તેમજ આત્મવિશ્વાસ કેવી રીતે કેળવવો તે વાત વિગતે કરવામાં આવી હતી. તેમણે સકારાત્મક વલણ સાથે જીવનની કોઈપણ પરિસ્થિતિમાં નાસીપાસ થયા વગર આગળ કેવી રીતે વધવું તે વિદ્યાર્થીઓને શિખવ્યું હતું અને પોતાની શાખામાં નિષ્ણાત બનીને સફળ કારકિર્દી ઘડવાની સમજ પણ આપી હતી.

# સે. ૨૯/૧ સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ



ગાંધીનગર, તા. ૨૭

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે ધોરણ-૧માં પ્રવેશ પામતાં બાળકો માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોર્પોરેટર રોશનબાનુ પરમાર, યાસીન પરમાર, તાહિર પરમાર, ભાજપ યુવા પ્રદેશના બિપીનભાઈ રાવલ, સોચ સંસ્થાનાં અગ્રણી જાઈબેન વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો.

ધોરણ-૧ના વિદ્યાર્થીઓને દફતર ગાંધીનગર મહાનગર પાલિકા તરફથી આપવામાં આવ્યાં હતાં. નાસ્તાના ડબ્બા તથા બૂંદી-ગાંઠિયા ઈલાબેન પટેલ તરફથી, ધોરણ-૩થી ૮નાં ઈનામ હર્ષાબેન અને વર્ષાબેન તરફથી તથા સમગ્ર શાળાના વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ નોટબૂક બીજલબેન મજેઠિયા તરફથી ભેટ આપવામાં આવ્યા હતા. ધોરણ-૧ના ગણવેશ લીટીબેન, શારદાબેન ઠક્કર, ઉષાબેન પટેલ દ્વારા આપવામાં આવ્યા હતા.

આચાર્ય મીનાક્ષીબેન જોષી દ્વારા સૌ દાતાઓ, વાલીઓ, અતિથિઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી.

# જન્મદિને વધામણી



**ડો. હિમાંશુ પટેલ**
મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪



**ડો. હર્ષદ બ્રહ્મભટ્ટ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# દિવ્યપથ સ્કૂલમાં યોજાયો ફાયર સેફ્ટીનો સેમિનાર




ગાંધીનગર, તા. ૨૭

મેમનગર, અમદાવાદ ખાતે સ્થિત દિવ્યપથ શાળાના ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ ફાયરથી સલામતી અંગે કેવી સાવચેતી રાખવી જોઈએ અને તાત્કાલિક કેવાં પગલાં ભરવા જોઈએ તે વિષે વિગતે સમજ અપાઈ હતી. ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને નાટક, ચાર્ટ, તથા ટૂંકા વિડિયો દ્વારા ફાયર સેફ્ટી અંગે સમજ આપવામાં આવી હતી. મુખ્યત્વે આગ માનવ કારણોસર લાગે છે, ફાયર બ્રીગેડ કેવી રીતે બચાવ કાર્ય કરે છે તથા આગ લાગી હોય ત્યારે નાગરિકોએ સાવચેતીનાં કેવાં પગલાં લેવા તે અંગે વિદ્યાર્થીઓને વિસ્તાર્થી સમજ આપવામાં આવી હતી.

# જીઆઈપીએસ દ્વારા વૃક્ષારોપણ દિનની ઉજવણી



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા બુધવારે 'ગ્રીન ડે' અને 'વૃક્ષારોપણ' દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રાંગણમાં ભૂલકાઓએ તેમજ શિક્ષકોએ વૃક્ષારોપણ કર્યું હતું. શાળા પરિવારે પોતાનીત આ પ્રવૃત્તિના માધ્યમથી 'વૃક્ષ વાવો, જીવન બચાવો' સંદેશ પ્રસારિત કર્યો હતો. આ પ્રસંગે બાળકોને ગ્રીન રંગની અલગ-અલગ વસ્તુઓની માહિતી પણ આપવામાં આવી હતી.

## ૨૯ અને ૩૦ જૂનના રોજ રાજકોટ ખાતે

# ગુજરાત સ્ટેટ સિનિયર સિટિઝન ચેસ ચેમ્પીયનશીપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સ્ટેટ ફર્સ્ટ સિનિયર સિટિઝન ચેસ ચેમ્પિયનશીપનું આયોજન ગેસફોર્ડ ચેસ કલબ તેમજ વન્ડર ચેસ કલબના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના નેજા હેઠળ તા.૨૯ અને ૩૦ જૂન, ૨૦૧૯ના રોજ નીલ્સ સીટી રીસોર્ટ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ તા.૨૯-૬-૨૦૧૯ના રોજ બપોરે ૪:૩૦ વાગ્યે શરૂ થશે. ખેલાડીઓનો રહેવા તથા જમવાની વ્યવસ્થા વ્યવસ્થાપકો દ્વારા તદ્દન નિઃશુલ્ક કરવામાં આવેલ છે. અંદાજે કુલ ૧૦૦ જેટલા ખેલાડીઓ ગુજરાતમાંથી વિવિધ જિલ્લાઓમાંથી આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવશે. ૬૦ વર્ષથી ઉપરના ખેલાડીઓ માટે ગુજરાતમાં રમાનાર આ પ્રકારની પ્રથમ જ ટુર્નામેન્ટ છે. રૂા.૧૦,૧૦૦/- ના રોકડ ઈનામો વિજેતા ખેલાડીઓ વચ્ચે વહેંચવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી માટે વેબસાઈટ www.gsca.in અથવા ભાવેશ પટેલ (૯૪૨૬૦ ૬૪૭૦૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગણપત યુનિવર્સિટીના મેનેજમેન્ટ સેન્ટર દ્વારા 'એકેડેમિયા-ઈન્ડસ્ટ્રી મીટ-૨૦૧૯નું આયોજન



ગાંધીનગર, તા. ૨૭

વિવિધ ઈન્ડસ્ટ્રીને ફોકસમાં રાખીને એમ.બી.એ. પ્રોગ્રામ્સ રજુ કરવામાં ગુજરાતમાં અગ્રણી ઈન્સ્ટીટ્યૂટ તરીકે પ્રતિષ્ઠા પામેલા ગણપત યુનિવર્સિટીના સેન્ટર ફોર મેનેજમેન્ટ દ્વારા ગયા શનિવારે 'એકેડેમિયા-ઈન્ડસ્ટ્રી મીટ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હેલ્થકેર, ફાર્મા, બેંકિંગ, મેન્યુફેક્ચરીંગ સહિત કો-ઓપ. સેકટરના એચ.આર. નિષ્ણાતો સાથે સ્ટુડન્ટ્સની એમ્લોયબિલિટી (રોજગાર ક્ષમતા)ના ડેવલપમેન્ટ માટે વિશદ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ ગોષ્ઠિનો હેતુમાં ઈન્ડસ્ટ્રી-એમ્પ્લોયર તરફથી મળતા સુચનો અને વિચારોને અભ્યાસક્રમ સાથે સાંકળીને વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતાને નવી ઉંચાઈ આપવાની કોશિષ કરવી તે ખાસ હતો.

ગિફ્ટસિટિ, ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ, હાઈફન ફૂડ્ઝ, રાજકોટ નાગરિક સહકારી બેન્ક, સિમ્સ હોસ્પિટલ, વોલ્ટર બુશનેલ, હાઈ-ટેક એન્જિનિયરિંગ, ટ્રેક-યુ એકેડેમી ફ્રેન્ડી (નેબ્યુલા ગ્રુપ) અને કોટક મહિન્દ્રા જેવા કોર્પોરેટ અને કો-ઓપરેટિવ હાઉસિસના નિષ્ણાત એચ.આર. પ્રોફેશનલ્સ સાથે સ્ટુડન્ટ્સની એમ્પ્લોયબિલિટી ડેવલપ કરવા વિષે જે વિચાર-વિમર્શ થયો તેમાં ખૂબ મુલ્યવાન સુચનો મળ્યા હતા.

ગણપત યુનિવર્સિટીના સેન્ટર ફોર મેનેજમેન્ટ સ્ટડીઝ એન રિસર્ચના એમબીએ સ્ટુડન્ટ્સની પ્રોશ્નલ સ્કિલ્સની સરાહના કર્યા બાદ વિવિધ કંપનીઓના એચ.આર. એક્સપ્રટસ દ્વારા સુચવવામાં આવ્યું હતું કે આધુનિક ઈન્ડસ્ટ્રી વર્ક-કલ્ચરમાં જરૂરી છે કે ભણીગણીને કારકિર્દી બનાવવા આવતા વિદ્યાર્થીઓની કોમ્યુનિકેશન સ્કિલ વધુ સારી હોય, એમની માર્કેટિંગ-સ્કિલ પણ નોંધપાત્ર હોય, એમની પર્સનાલિટી-સર્વગ્રાહી જ્ઞાન-સમજ સાથે ખીલેલી હોય, એમનામાં નિષ્ઠા, પ્રામાણિકતા સાથે પોતાના ક્ષેત્રની વિષય-નિપુણતાની માત્રા પણ વિશેષ હોય.

# ગાંધીજીનો વિનોદ

॥ ૬૮મો મણકો ॥

**મુક્ત હાસ્ય**

એમની ચામડીનો વર્ણ ઘઉંવર્ણો હતો. આંખો પણ કાળી હતી. પરંતુ એમના ચહેરા પર ચમકી રહેલું સ્મિત અને સીધી નિર્ભીક દૃષ્ટિ સામાના હૃદયને જોતાંવેંત જીતી લેતી હતી.


- રેવ. જૉસેફ જે. ડૉક

વ્યક્તિગત રીતે તેમની આ વિનોદવૃત્તિને હું માનવગુણોમાં ઘણા ઊંચા સ્થાને મૂકું છું.

●

તેઓ સ્વભાવે ઘણા જ કરુણાળુ, કુલીન, નમ્ર, પ્રેમાળ, વિનોદી, દરેક સાથે વાતો કરવા અને તેમને સાંભળવા તત્પર, પોતે કંઈ ઊંચા અને બીજા નીચા એવા સહેજ પણ ભાવની છાપ ન પડવા દે એવી વ્યક્તિ હતા.

- ડૉ. કે જી સૈયદીન




ગાંધીજીનાં વિનોદ અને હાસ્ય વિશ્વવ્યાપી છે. તેમની અહિંસાનું ઉત્તમોત્તમ માપ તેમના વિનોદમાં મળે છે.

- મહાદેવ દેસાઈ

ગાંધીજીમાં વિનોદની તીવ્ર શક્તિ હતી. પણ જ્યારે એ વિનોદનું બાણ પોતાની જાત તરફ તાકેલું હોય ત્યારે એ તીવ્રતા વધુ વેધક બનતી.

- એન આર મલકાની

માનવજાતની સહનશક્તિને લક્ષમાં રાખી જેમણે પોતાની ચળવળ ચલાવી છે તેવા તેઓ વિનોદી માનવી હતી.

- કેલ્વિન કાઈટલ

સદાય હસતા મહાત્મા

- એસ દુરાઈ રાજા સીંગમ

તેમનું સ્મિત, તેમનું હાસ્ય અને તેમની મજાકોને યાદ કરું છું ત્યારે હું ઉષ્માની લાગણી અનુભવું છું.

- આર્થર મૂર

... અને ત્યાર પછી તે સ્મિત કરે છે. તમે શું વિચારો છો તે તેઓ જાણે છે. તે પોતાના હોઠથી જ નહીં પણ આંખથી સ્મિત કરે છે અને તરત જ તમે તેના મિત્ર બની જાઓ છો અને તે તમારા મિત્ર.

- જેમ્સ નિકોલસન

કટોકટીના પ્રસંગમાંથી પણ હાસ્ય મેળવતાં અમે શીખી ગયાં. મિ. ગાંધી વસ્તુઓની હાસ્યરસિક બાજુ જોવાનું કદિ ભૂલતા નહીં અને તેમના હાસ્ય અને સાંત્વનના શબ્દોથી ઘણાય દુખદાયક બનાવો કરુણારસિક થતા અટકી જતા.

- મિસિસ પોલાક



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# સાબરમતી જેલમાં ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ કુટિરની સ્થાપના




ગાંધીનગર, તા. ૨૭

આઝાદીની લડત વખતે ૨૯ એપ્રિલ ૧૯૩૦થી ૮ માર્ચ ૧૯૩૧ દરમિયાન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને અમદાવાદ સ્થિત ઐતિહાસિક સાબરમતી જેલ (હાલ અમદાવાદ મધ્યસ્થ જેલ)માં રખાયા હતા. ફાંસીખાના અને ફાંસી-તુરંગની પડોશમાં આવેલી ખોલી ત્યારે તેમનું નિવાસ બની હતી. જેલમાં એમના સાથીઓ હતા : સરદાર વલ્લભભાઈ પટેલ, રવિશંકર વ્યાસ 'મહારાજ', અબ્બાસ અલી તૈયબજી, મહાદેવભાઈ દેસાઈ, દેવદાસ ગાંધી અને બીજા મહાનુભાવો. જેલવાસ દરમિયાન 'કોઈનો લાડકવાયો', 'સૂના સમદરની પાળે', 'અમારે ઘર હતાં, વ્હાલાં હતાં, ભાંડુ હતાં' જેવાં અમર ગીતોની રચના કરી હતી. જેલવાસના અનુભવો પર આધારિત પુસ્તક 'જેલ ઑફિસની બારી' જેલમુક્તિ બાદ, ૧૯૩૪માં પ્રગટ થયું હતું.

આની સ્મૃતિમાં ઝવેરચંદ મેઘાણીને સાબરમતી જેલના સરદાર યાર્ડમાં આવેલ જે ૧૦ બાય ૧૦ ફૂટ ખોલીમાં રખાયા હતા ત્યાં 'જેલ સ્મૃતિ કુટિર'ની સ્થાપના ગુજરાત રાજ્યના જેલ પ્રશાસન અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા થઈ છે. ઝવેરચંદ મેઘાણીના રેખાચિત્ર, હસ્તાક્ષર કોતરેલી ગ્રેનાઈટની કલાત્મક તકતી તેમજ ઝવેરચંદ મેઘાણીની દુર્લભ તસવીરો અને ઈતિહાસને આલેખતું રસપ્રદ-માહિતીસભર પ્રદર્શન અહિ મૂકાયા છે. પ્રાંગણમાં આવેલ ઐતિહાસિક લીમડો, જેની નીચે બેસીને ઝવેરચંદ મેઘાણી જેલવાસ દરમિયાન લખતા-વાંચતા, ત્યાં સ્મૃતિરૂપે 'મેઘાણી-ઓટલો' સ્થાપિત કરાયો છે. બાજુમાં આવેલ ખોલીમાં જ્યાં ગુજરાતના લોકસેવક રવિશંકર મહારાજને રખાયા હતા તેમાં પણ સ્મૃતિ ઊભી કરાઈ છે. જેલનાં કેદીઓ મેઘાણી-સાહિત્યથી પરિચિત-પ્રેરિત થાય તે આશયથી જેલનાં પુસ્તકાલય માટે સમગ્ર ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત સાહિત્ય પણ સ્વ. કુસુમબેન મેઘાણીની પુણ્યસ્મૃતિમાં ભેટ અપાયું છે. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી વર્ષની ઊજવણી થઈ રહી છે ત્યારે આનું સવિશેષ મહત્વ છે. ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલાની પોલીસ-લાઈનમાં થયો હોવાથી ગુજરાત પોલીસ એમનું 'લાઈન-બોય' તરીકે ગૌરવ અનુભવે છે જે ખાસ ઉલ્લેખનીય છે.

ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા, ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, ગુજરાત રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટના પોલીસ મહાનિર્દેશક મોહન ઝા (આઈપીએસ), રેલ્વેના નાયબ પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમાર (આઈપીએસ), અમદાવાદ મધ્યસ્થ જેલના અધિક્ષક એમ. કે. નાયક (આઈપીએસ) અને નાયબ અધિક્ષક પી. બી. સાપરાની વિશેષ ઉપસ્થિતિ આ પ્રસંગે રહી હતી. લાગણીથી પ્રેરાઈને આવેલા વિશ્વવિખ્યાત લોકગાયક અભેસિંહ રાઠોડે મેઘાણી-ગીતો થકી સ્વરાંજલિ અર્પણ કરી હતી અને ઉપસ્થિત કેદીઓને સમૂહ ગાન પણ કરાવ્યું હતું.

સાબરમતી જેલમાં અગાઉ સ્થાપિત થયેલ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને લોકમાન્ય તિલકના સ્મૃતિ સ્થળોની ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ મુલાકાત લઈને ભાવાંજલિ અર્પણ કરી હતી. જેલના તમામ વિભાગોની પણ ગૃહ મંત્રીએ પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી તથા કેદીના લાભાર્થે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને નિહાળીને રાજીપો વ્યક્ત કર્યો હતો.

ગુજરાત રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટના પોલીસ મહાનિર્દેશક મોહન ઝા (આઈપીએસ), મધ્યસ્થ જેલના અધિક્ષક એમ. કે. નાયક (આઈપીએસ), નાયબ અધિક્ષક પી. બી. સાપરા અને સાથીઓનો લાગણીભર્યો સહયોગ રહ્યો હતો.